કાલા ઘોડા બ્રિજની નીચે વિશ્વામિત્રી દૂષિત

કરોડો રૂપિયાનું આંધણ છતાં વિશ્વામિત્રી ગંદી, તંત્રની અણઆવડત ખુલ્લી પડી



(પ્રતિનિધિ) વડોદરા તા.22

શહેરની મધ્યમાંથી પસાર થતી અને વડોદરાની ઓળખ તેમજ જીવાદોરી સમાન વિશ્વામિત્રી નદી હાલ ભારે પ્રદૂષણની ચપેટમાં આવી ગઈ છે. ખાસ કરીને કાલા ઘોડા બ્રિજની નીચેના વિસ્તારમાં ઉદ્યોગો દ્વારા છોડવામાં આવતા પ્રદૂષિત પાણીને કારણે નદીની હાલત અત્યંત કથળી હોવાની ચોંકાવનારી જમીની હકીકત સામે આવી છે. કાલા ઘોડા બ્રિજની નીચે સહિત નદીના કાંઠે અને પટમાં ઠેર-ઠેર ગંદકીના થર, અસંખ્ય કચરો અને દૂષિત પાણી જોવા મળી રહ્યું છે, જે તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઊભા કરે છે.

નદીના દૂષિત પાણીમાંથી સતત નીકળતા ફીણ અને પરપોટા એ ગંભીર ચિંતા જગાવી છે. પાણીમાં ભળતા જોખમી રસાયણો અને ગંદકીને કારણે નદીમાં વસતી જળચર જીવસૃષ્ટિ, નદીના અસ્તિત્વ તેમજ સમગ્ર પર્યાવરણ સામે મોટું જોખમ તોળાઈ રહ્યું છે. દૂષિત પાણીની અસરને કારણે અહીં વસતા મગરોની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. એક તરફ સરકાર અને સ્થાનિક તંત્ર દ્વારા પર્યાવરણ સંરક્ષણના મોટા-મોટા દાવાઓ કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ ઔદ્યોગિક એકમો દ્વારા બેરોકટોક નદીમાં ગંદા પાણીનો નિકાલ કરવામાં આવી રહ્યો હોવાની ફરિયાદો ઊઠી છે.

વિશ્વામિત્રી નદી માત્ર પાણીનો પ્રશ્ન નહીં, પરંતુ વડોદરાના પર્યાવરણ અને શહેરની ઓળખ સાથે જોડાયેલો મહત્વનો વિષય છે. આ ગંભીર પરિસ્થિતિને જોતા ગંદા પાણીના નિકાલ અને ઔદ્યોગિક પ્રદૂષણ સામે સઘન તપાસ કરીને જવાબદાર એકમો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઊઠી છે. નદીની સફાઈ અને સંરક્ષણ માટે અગાઉ અનેક પ્રયાસો થયા હોવા છતાં નદી હજુ પણ ગંદી અને દૂષિત હાલતમાં જ જોવા મળી રહી છે. કરોડોનું બજેટ અને કરોડોનો ખર્ચ થયો હોવા છતાં હવે લોકોને વિશ્વામિત્રી શુદ્ધ થશે કે કેમ તે અંગે જરાય વિશ્વાસ રહ્યો નથી.

આ સ્થિતિ માટે જવાબદાર કોને ઠેરવવા અને કુંભકર્ણની નિદ્રામાં સૂતેલું તંત્ર ક્યારે જાગશે તેમજ વડોદરાની આ ઐતિહાસિક નદીને ખરા અર્થમાં ક્યારે પ્રદૂષણમુક્ત બનાવશે, તે હાલ સૌથી મોટો સવાલ બની ગયો છે.

પાંચેય વિધાનસભા વિસ્તારમાં ભાજપ દ્વારા નૂતન વર્ષ સ્નેહમિલન યોજાયાં



વડોદરા : વિક્રમ સંવત ૨૦૮૨ના નૂતન વર્ષની શરૂઆત નિમિત્તે ભારતીય જનતા પાર્ટી વડોદરા મહાનગર દ્વારા શહેરની પાંચેય વિધાનસભા બેઠકો પર નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંગઠનના હોદ્દેદારો, ધારાસભ્યો, કાર્યકર્તાઓ અને શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વર્ચ્યુઅલ સંબોધનનું સામૂહિક નિદર્શન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાને કાર્યકર્તાઓને શુભેચ્છા પાઠવતાં પક્ષમાં પદ કરતાં પરિશ્રમ અને કદ કરતાં કામને વધુ મહત્ત્વ અપાતું હોવાનું જણાવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રીના સંબોધનનું પણ કાર્યકર્તાઓએ શ્રવણ કર્યું હતું. માંજલપુરમાં દ્વારકેશ પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ ડૉ. જયપ્રકાશ સોની ઉપસ્થિત રહ્યા હતા. નૂતન વર્ષના સ્નેહમિલન દરમિયાન કાર્યકર્તાઓએ પરસ્પર શુભેચ્છાઓ પાઠવી સંગઠનભાવના મજબૂત બનાવવા અને જનસેવાના કાર્યમાં સક્રિય રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

સરકારી ગાડી કે અંગત સવારી? સાંજ પડે એટલે પદાધિકારીની 'મિત્રપ્રેમ'ની સફર શરૂ!



વડોદરા મહાનગરપાલિકામાં પદ મળતાં જ જાણે સરકારી સુવિધાઓની ચાવી હાથમાં આવી ગઈ હોય તેવો ઘાટ જોવા મળી રહ્યો છે. એક પદાધિકારીની લાલ પ્લેટવાળી સરકારી ગાડીના અંગત ઉપયોગને લઈને પાલિકાના રાજકીય અને વહીવટી વર્તુળોમાં ચર્ચાઓએ જોર પકડ્યું છે.

ચર્ચા એવી છે કે સાંજ પડતાં જ સાહેબની સરકારી સવારી કારેલીબાગ વિસ્તારના એક કોમ્પ્લેક્સમાં આવેલા અંગત મિત્રની ઓફિસે પહોંચી જાય છે. અઠવાડિયામાં ચારથી પાંચ દિવસ ડ્રાઇવર સહિતની ગાડી દોઢથી બે કલાક સુધી બહાર વેઇટિંગમાં રહે છે. અંદર મિત્ર સાથે શું ખાસ મંત્રણા ચાલે છે તે તો બંને જ જાણે, પરંતુ પરત ફરતી વખતે હાથમાં થેલી હોવાની ચર્ચાએ કુતૂહલ જરૂર જગાવ્યું છે!

હવે સવાલ એ છે કે સરકારી ગાડી પ્રજાની સેવા માટે છે કે મિત્રોની મુલાકાત માટે? જો આ મુલાકાતો સત્તાવાર હોય તો તેનો હેતુ જાહેર કરવામાં શું વાંધો?

એક તરફ વિસ્તારના પ્રાથમિક પ્રશ્નો ઉકેલવાની રાહ જોતી પ્રજા અને બીજી તરફ સરકારી ગાડીનું વેઇટિંગ! ખરેખર, પદનો વટ પાડવો સહેલો છે, પણ પ્રજાના પૈસાનો હિસાબ આપવો પણ એટલો જ જરૂરી છે. હવે પાલિકા તંત્ર તપાસ કરશે કે આ ચર્ચાઓને પણ ગાડીમાં બેસાડી રવાના કરશે?

ખુરશી ખાલી થતાં જ 'સાહેબના વહાલા' બનવાની હોડ! વહીવટદાર બનવા પોલીસબેડામાં લોબિંગનો ધમધમાટ



વડોદરા પોલીસ વિભાગમાં વહીવટદારની ખુરશી એટલે જાણે સત્તા સાથે સુવિધાઓની લોટરી! આ ખુરશી ખાલી થાય એટલે દાવેદારોના મનમાં આશાના દીવા પ્રગટે એ સ્વાભાવિક છે. તાજેતરમાં એક વહીવટદારની શહેર બહાર બદલી થતાં જ પોલીસબેડામાં જાણે ભરતી પ્રક્રિયા નહીં, પરંતુ મનગમતી ખુરશી માટેની સ્પર્ધા શરૂ થઈ ગઈ હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે.

વહીવટદાર બનવા ઇચ્છુક કર્મચારીઓ હવે પોતાની કામગીરી કરતાં સાહેબની ગુડબુકમાં નામ ચમકાવવા વધુ સક્રિય બન્યા હોવાની ચર્ચા છે. કોઈ સાહેબની હા માં હા મિલાવી રહ્યું છે, તો કોઈ પોતાની વફાદારીના દાખલા રજૂ કરવામાં વ્યસ્ત છે. જાણે પોલીસ વિભાગમાં અચાનક 'જી હજૂરી સ્પર્ધા'નું આયોજન થયું હોય!

કેટલાક દાવેદારો તો અત્યારથી જ પોતાની પસંદગી પાકી હોવાનું માનીને હવામાં ઉડતા હોવાની પણ ચર્ચા છે. જોકે, અંતિમ નિર્ણય તો અધિકારીના હાથમાં જ છે.

હવે જોવાનું એ છે કે સાહેબ કોની વફાદારીથી પ્રભાવિત થાય છે અને કોના માથે વહીવટદારનો તાજ મૂકે છે. હાલ તો ખુરશી એક છે, દાવેદારો અનેક અને દરેકને પોતે જ સાહેબના સૌથી વિશ્વાસુ હોવાનો ભ્રમ છે!



એમ.એસ.યુનિવર્સિટીમાં 'વીસી'નું શાસન કે 'ખાસ સભ્યો'ની સમાંતર સરકાર?

વિશ્વવિખ્યાત એમ.એસ. યુનિવર્સિટી જાણે શિક્ષણ કરતાં સત્તાની ખેંચતાણનું નવું પાઠ્યપુસ્તક લખી રહી હોય તેવી ચર્ચા કેમ્પસમાં ગરમાઈ છે. અહીં નિયમોની કલમો કરતાં રાજકીય વગની પકડ વધુ મજબૂત હોવાની ગપસપે શિક્ષણજગતમાં સવાલો ઊભા કર્યા છે. દિવાળી પહેલાંની એક બેઠકમાં કેટલાક કારોબારી સભ્યો અને વીસી વચ્ચે થયેલી કથિત ઉગ્ર બોલાચાલીની ચર્ચા હજુ શમતી નથી. 'અમારું કહ્યું નહીં થાય તો વહીવટ ચલાવવો મુશ્કેલ પડશે' જેવા કથિત સંદેશાઓથી યુનિવર્સિટીમાં સત્તાની નવી વ્યાખ્યા ઘડાઈ રહી હોવાની વાતો છે.

નિયુક્તિ અને વહીવટી ફેરફારોની સત્તા વીસી પાસે હોવા છતાં ખાસ સભ્યોની પસંદગી મુજબ નિર્ણયો કરાવવાના પ્રયાસોની ચર્ચા છે. જોકે શારીરિક શિક્ષણના નિયામક હજુ પદ પર યથાવત હોવાથી દબાણની રાજનીતિને સફળતાનું પ્રમાણપત્ર મળ્યું નથી!

બીજી તરફ કુલસચિવ સહિતના અધિકારીઓ જાણે બે ખુરશી વચ્ચે ફસાયા હોય તેવી સ્થિતિની ચર્ચા છે. ઓગસ્ટમાં ઉદ્યોગ પ્રતિનિધિ તરીકે નિયુક્ત થયેલા અગ્રણીના ટૂંક સમયમાં રાજીનામાની વાતે પણ સવાલો ઊભા કર્યા છે. હવે જોવાનું એ છે કે યુનિવર્સિટીમાં સત્તા નિયમોની ચાલે છે કે રાજકીય ઈશારાની! કેમ્પસમાં ભણતરનો અભ્યાસ તો ચાલુ છે, પણ વહીવટનો પાઠ કોણ ભણાવે છે તે હજુ સ્પષ્ટ નથી!

પ્રતાપગંજમાં ભવ્ય તુલસી વિવાહ મહોત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવાયો



વડોદરા : શહેરના પ્રતાપગંજ સ્થિત શ્રી સંકટમોચન હનુમાન મંદિર, ઓલ્ડ વિક્રમબાગ, એમ.એસ. યુનિવર્સિટી કેમ્પસ ખાતે શનિવારે તા. ૨૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ભવ્ય તુલસી વિવાહ મહોત્સવનું ભક્તિભાવપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. કપિલદેવ શાસ્ત્રીના આયોજન હેઠળ યોજાયેલા આ ધાર્મિક ઉત્સવમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહી ધર્મલાભ લીધો હતો.

મહોત્સવ દરમિયાન વૈદિક મંત્રોચ્ચાર અને પરંપરાગત ધાર્મિક વિધિ-વિધાન સાથે માતા તુલસી અને ભગવાન શાલિગ્રામજીના વિવાહ સંપન્ન કરાવવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું અને શ્રદ્ધાળુઓએ લગ્નોત્સવની વિવિધ ધાર્મિક પરંપરાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ પ્રસંગે સાધુ-સંતો, મહાત્માઓ ઉપરાંત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS), વિશ્વ હિન્દુ પરિષદ (VHP), બજરંગ દળ અને સંસ્કૃત ભારતીના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમના અંતે ભગવાનની આરતી ઉતારવામાં આવી હતી અને ઉપસ્થિત શ્રદ્ધાળુઓને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. ધાર્મિક પરંપરા, વૈદિક સંસ્કૃતિ અને સામૂહિક ભક્તિભાવના સુંદર સમન્વય સાથે તુલસી વિવાહ મહોત્સવનું સફળ સમાપન થયું હતું.

સફાઈના નામે માત્ર 'પાઉડર-લાલી'થી વિસ્તારના રહીશોમાં રોષ

નરસિંહજીના વરઘોડા પૂર્વે તુલસીવાડી વિસ્તારમાં ગંદકી અને મગરનો ભય



(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરામાં મંગળવારે, ૨૪ તારીખે નીકળનારા ભગવાન નરસિંહજીના વરઘોડા અને તુલસીવાડી તરફ જતા માર્ગની તૈયારીઓના ભાગરૂપે સફાઈ કામગીરી શરૂ કરવામાં આવી હોવાનો દાવો થઈ રહ્યો છે, પરંતુ વાસ્તવિકતા કંઈક જુદી જ ચિત્ર રજૂ કરે છે. વડોદરાના તુલસીવાડી જતા રસ્તા અને આસપાસના વિસ્તારોમાં સફાઈના નામે માત્ર ઉપરછલ્લી અને દેખાડા પૂરતી કામગીરી ચાલી રહી હોવાનું ગ્રાઉન્ડ રિપોર્ટમાં સ્પષ્ટ થયું છે. માત્ર ખાલી રસ્તા પર સાવરણો ફેરવીને કામગીરી પૂરી બતાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે, જ્યારે વર્ષોથી જામેલા કચરાના ઢગલા અને ગંદકી હજુ પણ યથાવત છે.

વડોદરાના સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, તહેવાર કે વરઘોડા જેવા પ્રસંગો આવે ત્યારે જ થોડી સફાઈ કરીને સંતોષ માની લેવામાં આવે છે અને પ્રસંગ પૂર્ણ થયા બાદ સ્થિતિ ફરી પહેલા જેવી જ બની જાય છે. આ વિસ્તાર નજીકથી વડોદરામાંથી પસાર થતો ખુલ્લો વિશ્વામિત્રી નાળો આવેલો હોવાથી ગંદકી અને કચરાના ઢગલા વચ્ચે અવારનવાર મગર તથા અન્ય જીવજંતુઓ રસ્તા પર કે આસપાસ આવી ચડે છે. વડોદરાના આ વિસ્તારમાં નાના બાળકોની અવરજવર અને રમતગમત રહેતી હોવાથી મગર અને અન્ય પ્રાણીઓ બહાર નીકળવાનો ભય સતત સેવાઈ રહ્યો છે. સ્થાનિક મહિલાઓ અને વડીલોએ સ્પષ્ટ શબ્દોમાં માંગ કરી છે કે વડોદરાના આ નાળા અને ગંદકીના વિસ્તાર પાસે વહેલી તકે મજબૂત દીવાલ અથવા કોટ બનાવવામાં આવે, જેથી બાળકો અને રહીશોની સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે. સફાઈ કામગીરીની વાસ્તવિક સ્થિતિ પણ ચિંતાજનક જણાય છે.

વડોદરાના આંગણે 'વિશ્વ કલ્યાણ મહોત્સવ'નો ભવ્ય પ્રારંભ

ષષ્ઠીપૂર્તિ નિમિત્તે વર્ષવ્યાપી ધાર્મિક-સેવાકીય આયોજન



(પ્રતિનિધિ) વડોદરા તા.22

વલ્લભકુળભૂષણ, ષષ્ઠ પીઠાધીશ્વર પ.પૂ. ગોસ્વામી ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજની ૬૦ વર્ષની મંગલમય જીવનયાત્રાને વંદન કરવા સમગ્ર વર્ષ દરમિયાન 'વિશ્વ કલ્યાણ મહોત્સવ'નું ભવ્ય આયોજન કરાયું છે. ષષ્ઠનિધિ શ્રી કલ્યાણરાયજી પ્રભુની કૃપાથી આ મહોત્સવનો પ્રારંભ સંસ્કારનગરી વડોદરાના વાઘોડિયા રોડ સ્થિત રેવાપાર્ક ગરબા ગ્રાઉન્ડ ખાતે તા. ૨૫ નવેમ્બરથી ૧ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાનાર સપ્તાહવ્યાપી શ્રીમદ્ ભાગવત સત્સંગથી થશે. પૂજ્ય મહારાજશ્રીએ પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોના પ્રચાર, યુવા સંગઠન વિપો ની સ્થાપના અને શૈક્ષણિક-આરોગ્યલક્ષી સેવાકાર્યો દ્વારા સમાજમાં સેવા, સ્નેહ અને સમર્પણની જ્યોત પ્રગટાવી છે, જેના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા વૈશ્વિક વૈષ્ણવ સૃષ્ટિ દ્વારા આ વર્ષવ્યાપી ઉજવણીનો સંકલ્પ લેવાયો છે.યુવા વૈષ્ણવાચાર્ય પ.પૂ. ગોસ્વામી ૧૦૮ શ્રી આશ્રયકુમારજી મહોદય તથા પ.પૂ. ગોસ્વામી ૧૦૮ શ્રી શરણમકુમારજી મહોદયના માર્ગદર્શન હેઠળ આ મહોત્સવમાં સેવા અને સંસ્કારનો ત્રિવેણી સંગમ રચાશે.

પાણીગેટમાં બે ભાઈઓ દ્વારા પરિવાર પર કર્યો હુમલો

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરા શહેરના પાણીગેટ વિસ્તાર અનસૂયા નગર, હનુમાન ટેકરી ખાતે રહેતા રોશનખાતુન કલીમ અંસારીએ ગાજરાવાડી, શનીદેવ મંદિર પાસે સોનીપોળમાં રહેતા હરિઓમ ઉર્ફે ગોલુ ચૌધરી અને બલવીર ચૌધરી સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ તા.21 ના સવારે સાડા નવેક વાગ્યાની આસપાસ મોજ-હનુમાન ટેકરી, શિવાય બેકરી પાસે આરોપીઓ ફરિયાદી, તેઓના પતિ અને જેઠ ઈલીયાસભાઈ સાથે ફરીની બાજુની બેકરીવાળા હરિઓમ ઉર્ફે ગોલુએ રાત્રીની બોલાચાલી બાબતે બિભત્સ ગંદી ગાળો બોલી ઝપાઝપી કરી હતી. તે દરમિયાન આરોપીએ ફરીના જેઠ ઈલીયાસભાઈને ડાબા હાથ પર બાજુમાં પડેલ લાકડાનો ફટકો મારી ગંભીર ઈજા પહોંચાડી ત્યાંથી ભાગી ગયો હતો. ત્યારબાદ સમજાવટ માટે જતાં બન્ને ભાઈ ભેગા મળી ફરિયાદી સાથે ઝપાઝપી કરી એકબીજાની મદદગારી કરી હુમલો કર્યો હતો.

વડોદરા શહેર પોલીસ દ્વારા આરોપીઓનો ડેટાબેઝ તૈયાર

દરેક આરોપી પાછળ એક પોલીસકર્મી મેન્ટર તરીકે તહેનાત



(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરા શહેરમાં મિલકત સંબંધી ગુનાઓને ડામવા અને ભૂતકાળમાં ચોરી સહિતના ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓની ફરી ગુનાખોરી તરફ વળતી પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા પોલીસે મેન્ટર પ્રોજેક્ટ શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ બાઈક ચોરી, ઘરફોડ ચોરી અને ચેઈન સ્નેચિંગ જેવા ગુનાઓમાં અગાઉ પકડાયેલા આરોપીઓનો પોલીસ સ્ટેશન કક્ષાએ ડેટાબેઝ તૈયાર કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, દરેક આરોપીની ગતિવિધિ પર નજર રાખવાની જવાબદારી એક-એક પોલીસ કર્મચારીને સોંપવામાં આવી છે.

પોલીસ કમિશનરની સીધી સૂચના તેમજ જોઈન્ટ પોલીસ કમિશનર અને ડીસીપીના માર્ગદર્શન હેઠળ આ વિશેષ અભિયાન હાથ ધરાયું છે. જેના ભાગરૂપે મકરપુરા અને માંજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં અગાઉ મિલકત સંબંધી ગુનાઓમાં પકડાયેલા આરોપીઓને પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવ્યા હતા. તેમની હાલની પ્રવૃત્તિઓ અંગે પૂછપરછ અને ચકાસણી કરવામાં આવી હતી. સાથે જ ભવિષ્યમાં ફરી કોઈ ગુનાહિત પ્રવૃત્તિમાં સામેલ ન થવા માટે કડક તાકીદ કરવામાં આવી હતી.મેન્ટર પ્રોજેક્ટ અંતર્ગત નિયુક્ત પોલીસ કર્મચારીઓ આરોપીઓની વર્તમાન ગતિવિધિઓ પર સતત નજર રાખશે અને જરૂરી માહિતી એકત્રિત કરશે.

માંજલપુરમાં પાણીપુરી ખાવા ગયેલા બે પરિવારો વચ્ચે ધમાલ

વડોદરા : વાઘોડિયા ગામ, ટાવર પાસે ઉંડા ફળિયામાં રહેતા મૌનિલભાઈ વિજયભાઈ તલાટી પાણીપુરી ખાતા હતા તે સમયે પુત્ર ચાર્વીક રોડ ઉપર દોડતો હોય જેથી ત્યાં ઉભેલા એક આરોપીએ કહ્યું કે, તેને બોનેટ પર બેસાડી દે ને. જેથી સાળા રાફિલભાઈએ કહ્યું કે, ભાઈ તું શાંતિ રાખ નાના છોકરા જોડે મગજ મારી ના કર. આટલી વાતમાં આરોપીઓએ ગડદાપાટુનો માર મારવા લાગ્યો હતો. તેમજ પિતા સતીષભાઈને પણ ધક્કો મારી જમીન પર પાડી દીધા હતા.. બીજી તરફ માંજલપુર ગામ, નવાપુરા ફળિયામાં રહેતા રવિરાજસિંહ રમેશભાઈ સોલંકીએ રાફિલભાઈ સતીષભાઈ જૈસ્વાલ અને મૌનિલ વિજયભાઈ તલાટી સામે ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદ મુજબ તેઓ રાત્રે આઠેક વાગ્યે સરસ્વતી ચાર રસ્તા પાસે પાપડીની લોટની લારીની બાજુમાં નાસ્તો કરવા ઉભા હતા. દરમિયાન કારના બોનેટ પર છોકરો બેઠો હતો. જે દેખાડો લાગતા તેની સાથે વાત કરતા હતા દરમિયાન પિતા-પુત્રે અમારા પર હુમલો કર્યો હતો.

ડૉ. આર.બી. ભેસાણિયા દ્વારા સ્નેહમિલન યોજાયું



વડોદરાઃ આરોગ્ય ક્ષેત્રમાં માનવતા અને સેવાભાવનું અનોખું ઉદાહરણ પૂરું પાડતા જાણીતા તબીબ ડૉ. આર.બી. ભેસાણિયા દ્વારા છેલ્લા દસ વર્ષથી સારવાર લઈ ચૂકેલા દર્દીઓ અને તેમના પરિવારજનો માટે વાર્ષિક સ્નેહમિલનનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ યોજાયેલા કાર્યક્રમમાં દર્દીઓ, પરિવારજનો અને તબીબી સ્ટાફે ઉત્સાહભેર ભાગ લીધો હતો.આ પ્રસંગે ડૉ. ભેસાણિયાએ જણાવ્યું હતું કે, દાદા ભગવાનના 'આ જન્મમાં સૌને ચુકતે કરીને જવું'ના વિચારથી પ્રેરાઈને દસ વર્ષ પહેલાં આ પરંપરાની શરૂઆત કરી હતી. દર્દીઓના વિશ્વાસ અને સહકારને તેઓ પોતાની સફળતાનું સાચું શ્રેય માને છે.

VIPO ગુજરાત પ્રદેશ પ્રમુખપદે શશીકાંતભાઈ પરીખની વરણી



(પ્રતિનિધિ) વડોદરા તા.22

વૈષ્ણવ ઇનરઇફેથ પુષ્ટિમાર્ગીય ઓર્ગેનાઇઝેશન સંચાલિત વૈષ્ણવ યુવા સંગઠન (VIPO)ની ગુજરાત પ્રદેશ સમિતિમાં વડોદરાના અગ્રણી સમાજસેવક શશીકાંતભાઈ પરીખની પ્રદેશ પ્રમુખપદે વરણી કરવામાં આવી છે. જ્યારે વડોદરાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મનીષભાઈ બક્ષીની ટ્રેઝરર તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ બંને નિમણૂકોને પગલે વડોદરા શહેરના વૈષ્ણવ સમાજમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી છે.

સંગઠનના સંરક્ષક ષષ્ઠપીઠાધીશ્વર પૂજ્યપાદ ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી તથા અધ્યક્ષ પૂજ્ય આશ્રયકુમાર મહોદયશ્રી અને ઉપાધ્યક્ષ પૂજ્ય શરણમકુમાર મહોદયશ્રી દ્વારા ગુજરાત પ્રદેશ સમિતિના હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે.શશીકાંતભાઈ પરીખ સ્નેહ, સેવા, સમર્પણ અને સંગઠનના ભાવ સાથે લાંબા સમયથી સામાજિક તથા વૈષ્ણવ પ્રવૃત્તિઓમાં સક્રિય છે. તેઓ VIPO વડોદરાના પૂર્વ ચેરપર્સન, પી.ડી.જી., વિશ્વ લાડ પરિષદ મુંબઈ સાથે સંકળાયેલા તેમજ વિશાલાડ, લાડ સમાજ વડોદરાના મોભી અને નરસિંહજી મંદિરના ટ્રસ્ટી તરીકે સેવાઓ આપી રહ્યા છે.બંને મહાનુભાવોની પ્રદેશ કક્ષાએ વરણી બદલ વડોદરાની વિવિધ સંસ્થાઓ અને વૈષ્ણવ સમાજના અગ્રણીઓએ હર્ષ વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યાં છે.

ઘરેલુ ઊર્જા વ્યવસ્થાપન ક્ષેત્રે સંશોધનને મળ્યું રાષ્ટ્રીય સન્માન

ડો.શીતલ શિનખેડેની ભારતીય માનક બ્યુરોની વિભાગીય સમિતિમાં સભ્ય તરીકે વરણી



(પ્રતિનિધિ) વડોદરા તા.22

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની પોલિટેકનિકના વિદ્યુત ઈજનેરી વિભાગમાં કાર્યરત ડો. શીતલ શિનખેડેની ભારત સરકારના ભારતીય માનક બ્યુરોની માહિતી ટેકનોલોજી સાધનો અને પ્રણાલીઓ વચ્ચે આંતરજોડાણ અને માહિતી આદાન-પ્રદાન અંગેની વિભાગીય સમિતિમાં સહ-સભ્ય તરીકે વરણી કરવામાં આવી છે.

ડો. શિનખેડેની આ વરણી તેમણે ઘરેલુ ઊર્જા વ્યવસ્થાપન પ્રણાલી ક્ષેત્રે કરેલા સંશોધન કાર્યને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. તેમના સંશોધનનું મુખ્ય ક્ષેત્ર રહેણાક મકાનોમાં વીજળીના વપરાશનું કાર્યક્ષમ સંચાલન, બુદ્ધિશાળી ભાર આયોજન, માંગ પક્ષ વ્યવસ્થાપન તથા શ્રેષ્ઠીકરણ તકનિકો દ્વારા ઊર્જાની બચત અને કાર્યક્ષમ ઉપયોગને પ્રોત્સાહન આપવાનું છે. તેઓ ખાસ કરીને ભારતીય વીજળી વિતરણ વ્યવસ્થાના સંદર્ભમાં દર આધારિત રહેણાક ઊર્જા વ્યવસ્થાપન અંગે સંશોધન આધારિત અભિપ્રાયો અને સૂચનો રજૂ કરવા ઇચ્છુક છે. જેમાં દિવસના સમય આધારિત દરના ઉપયોગ દ્વારા વીજ ગ્રાહકોને ઓછા દરના સમયગાળામાં વીજ ઉપકરણોનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરી વીજળીના બિલમાં ઘટાડો, ટોચની માંગનું નિયંત્રણ અને વીજ જાળની સ્થિરતામાં યોગદાન આપવાનો અભિગમ સામેલ છે.

CGCTC દ્વારા સ્નેહમિલન અને તેજસ્વી તારલાઓનું સન્માન



વડોદરા : સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઑફ ટેક્સ કન્સલ્ટન્ટ્સ (CGCTC), વડોદરા દ્વારા શનિવારે તા. ૨૧ નવેમ્બરના રોજ સમા-સાવલી રોડ, વેમાલી સ્થિત રુદ્રાક્ષ લૉન્સ ખાતે ભવ્ય નૂતન વર્ષ સ્નેહમિલન તથા સન્માન સમારોહ યોજાયો હતો.

કાર્યક્રમમાં વડોદરાના જાણીતા હાસ્ય કલાકાર નીરવ મહેતાએ પોતાના લોકપ્રિય કાર્યક્રમ 'હાસ્ય દરબાર' દ્વારા આગવી રમૂજી શૈલીમાં સભ્યો અને તેમના પરિવારજનોને ખડખડાટ હસાવી મનોરંજન પૂરું પાડ્યું હતું.આ પ્રસંગે CGCTC પરિવારના તેજસ્વી તારલાઓને તેમની શૈક્ષણિક સિદ્ધિઓ બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. ધોરણ ૧૦, ૧૨, સ્નાતક, અનુસ્નાતક તેમજ વિવિધ વ્યાવસાયિક ડિગ્રીમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામો એનાયત કરાયાં હતાં. શૈક્ષણિક ક્ષેત્રે વિશેષ સિદ્ધિ મેળવનાર ચેમ્બરના સભ્યોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.સમારોહમાં સ્થાપક પ્રમુખ ભાસ્કરભાઈ પટેલ, પ્રમુખ એમેરિટસ ભરતભાઈ સ્વામી, પ્રમુખ વિજયભાઈ શાહ, પૂર્વ પ્રમુખો, માનદ મંત્રી સીએ ફૈઝાન ડાભોઈવાલા સહિત હોદ્દેદારો, સભ્યો અને પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વડોદરામાં નેશનલ પેરા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપનું આયોજન

દેશના 22થી વધુ રાજ્યોના 250થી વધુ ખેલાડીઓ ભાગ લેશે



વડોદરા : ટેબલ ટેનિસ એસોસિએશન ઓફ બરોડા (TTAB) દ્વારા શહેરમાં 23થી 25 નવેમ્બર દરમિયાન UTT દ્વિતીય નેશનલ પેરા રેન્કિંગ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ-2026નું આયોજન કરવામાં આવ્યું છે. સમા ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાનારી આ સ્પર્ધા પેરા ખેલાડીઓને રાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભા દર્શાવવા માટે મહત્વપૂર્ણ મંચ પૂરું પાડશે.

ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિએશન અને ભારતમાં ટેબલ ટેનિસ માટેની એડહોક કમિટીના નેજા હેઠળ યોજાનારી આ ચેમ્પિયનશિપમાં દેશનાં 22થી વધુ રાજ્યો અને પ્રદેશોમાંથી 250થી વધુ ખેલાડીઓ ભાગ લે તેવી અપેક્ષા છે. ખેલાડીઓ રાષ્ટ્રીય રેન્કિંગ પોઇન્ટ્સ અને ચેમ્પિયનશિપના ખિતાબ માટે સ્પર્ધા કરશે.

સ્પર્ધામાં વિજેતાઓને કુલ રૂ.2.50 લાખની ઇનામી રકમ ઉપરાંત મેડલ, ટ્રોફી અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવશે. 24 અને 25 નવેમ્બરે સાંજે છ વાગ્યાથી પુરસ્કાર વિતરણ સમારોહ યોજાશે.

સ્પર્ધામાં ITTF માન્યતાપ